અપીલ અરજી નં.૩૭ તા.૨૧–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્ર સિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન,બીઆરટીએસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૩–૧૧ની અરજીથી આ સાથે સામેલપાંચ અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતિ જો કાર્યવાહી ન થઈ હોય તો જવાબદાર, બેજવાબદાર, ભ્રષ્ટ, નિષ્ક્રીય અધિકારીઓના નામ ,હોદ્દો, સેલેરી તથા કાર્યવાહી ન થવાના કારણોની માહિતિ આપવા બાબત. (૧) કમિશ્નરશ્રી ૨૦–૧૨–૧૦, (૨) ઝોનલચીફ ૨૧–૨–૨૦૧૧ ઉધના ઝોન, (૩) કમિશ્નરશ્રી ૨૩–૨–૧૧ (૪) કાર્યપાલક ઈજનેર ૪–૩–૧૧ સા.ઈ.ઝોન લિ.(૫) કમિશ્નરશ્રી ૧૭–૩–૧૧ તથા બીઆરટીએસ વિ.બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૩–૧૧ની અરજીથી આ સાથે સામેલપાંચ અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતિ જો કાર્યવાહી ન થઈ હોય તો જવાબદાર,બેજવાબદાર, ભ્રષ્ટ, નિષ્ક્રીય અધિકારીઓના નામ ,હોદ્દો,સેલેરી તથા કાર્યવાહી ન થવાના કારણોની માહિતિ આપવા બાબત. (૧) કમિશ્નરશ્રી ૨૦–૧૨–૧૦, (૨) ઝોનલચીફ ૨૧–૨–૨૦૧૧ ઉધના ઝોન, (૩) કમિશ્નરશ્રી ૨૩–૨–૧૧ (૪) કાર્યપાલક ઈજનેર તા. ૪–૩–૧૧ સા.ઈ.ઝોન લિ.(૫) કમિશ્નરશ્રી ૧૭–૩–૧૧ તથા બીઆરટીએસ વિ. બાબતે એક અરજીનો જવાબ મળેલ તથા બીજી ચાર અરજીનો જવાબ ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭ તા.૨૯–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન,બીઆરટીએસ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ અરજીમાં તા.૨૩–૨–૧૧ ની નકલ રજુ કરેલ નથી તા.૧૯–૨–૧૧ ના અખબાર યાદીની નકલ નથી. તે અંગે તથા નિર્દિષ્ટ પૈકી ચોકકસ કઈ માહિતિ કયા જાહેર માહિતિ અધિકારીની મળી નથી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી પત્ર નં.બીઆરટીએસ સેલ/આં.૧૩૩ તા.૧૯–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે કમિ.શ્રીને તા.૧૭–૩–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, તેમજ અરજદારને આપેલી માહિતી અંગેનં.બીઆરટીએસ સેલ / આ.૯૫૨ તા.૩૦–૩–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૭–૫–૧૧ ના રોજ પૂરક વિગતો મોકલવામાં આવેલ છે જેમાં તા.૧૭–૨–૧૧ ના ક્રાંતિધર્મ અખબારની નકલ અને તા.૧૯–૨–૧૧ ના પત્રની નકલ રજૂ કેરલ છે. પરંતુ પત્રના સંદર્ભે તા.૨૩–૨–૧૧ ની અરજીની નકલ તેમજ તા.૧૯–૨–૧૧ ના અખબાર યાદીની નકલ રજૂ કરેલ નથી. તેમજ નિર્દિષ્ટ પૈકી કયા ચોકકસ માહિતી અધિકારીની માહિતી મળેલ નથી. તેની પણ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૧–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની જુદી જુદી તારીખોની કરેલી અરજીઓ બાબતે જાહેર માહિતી અધિકારી અને એડી. સીટી ઈજનેર ઉધનાઝોન પાસેથી માહિતી માંગવામાં આવેલ. જે અંગે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૨૯ તા.૨૩–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન અને બીઆરટીએસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી ખરવરનગર ફલાય ઓવર બ્રીજ બાબતે દર્શાવેલ ફલાય ઓવર બ્રીજમાં એપ્રોચની ડીઝાઈનમાં ફેરફાર થયેલ હોવાથી કામની સમય મર્યાદા વધારવી જરૂરી બનેલ જેથી સમય મર્યાદા બાબતે કોઈ પ્રશ્ન રહેતો નથી." તેવું જણાવેલ છે. આમ અરજદારને તેમના તા.૧૭–૩–૧૧ ની કમિ.શ્રીને કરેલી અરજીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૧–૪–૧૧ ના રોજ બીઆરટીએસના પત્ર નં.૯૫૨ તા.૩૦–૩–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે અપીલનું કારણ પાંચ અરજીઓ પૈકી ફકત એક જ જવાબ બીઆરટીએસ ધ્વારા આપેલ છે અને તે પણ અધૂરો જવાબ હોવાનું અને બાકીની ચાર અરજીઓની કોઈ માહિતી કે નિર્ણય ન મળ્યાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી બીઆરટીએસ તરફથી કઈ માહિતી અધૂરી છે તે અંગે અરજદારે કોઈ સ્પષ્ટતા કે આધાર રજૂ કરેલ નથી. આ સિવાયની અરજદારની અન્ય અરજીઓ બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તેમજ લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આથી જાહેર માહિતી અધિકારીને અરજદાર અરજી બાબતે કરેલી અથવા તો ન કરેલી કાર્યવાહી બાબતે દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન,બીઆરટીએસ),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,